સા. વ. વિ.
રજીસ્ટ્રી
8 JUL 15
કાર્ડ નં. S.14577...

વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ-
શહેરી વિસ્તારની ગરીબ અને પછાત વર્ગની સોસાયટીઓ ઉપરાંત અન્ય સોસાયટીઓ માટે જનભાગીદારીથી હાથ ધરવામાં આવતા કામોમાં ગટર લાઇનના કામો માટે ધારાસભ્યશ્રી ગ્રાન્ટમાંથી લોકફાળાની રકમ ફાળવવા બાબત

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-વજઅ-૧૦૨૦૧૨-મંત્રી-૯-ય
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૦૩-૦૭-૨૦૧૫

વંચાણે લીધાઃ-
(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૧૯-૦૪-૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ-સજય/૧૦૨૦૧૨/૨૨૭/ધ
(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૨૪-૦૭-૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ-સજય/૧૦૨૦૧૨/૨૨૭(૧)/ધ
(૩) સામાન્ય વહીવટ વિભાગ(આ)નો તા.૨૬-૦૭-૨૦૧૨નો શેરા પત્ર ક્રમાંકઃ-વજઅ/૧૦૨૦૧૨/મંત્રી-૯/ય
(૪) સામાન્ય વહીવટ વિભાગ(આ)નો તા.૨૩-૧૦-૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ-વજઅ/૧૦૨૦૧૨/મંત્રી-૯/ય
(૫) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૨૧-૦૫-૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃસજય/ ૧૦૨૦૧૩/એસ.એફ-૧૨/ધ

ઠરાવઃ-

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંકઃ-(૨) થી ઉપર્યુકત ફકરા-૧માં દર્શાવેલ ગરીબ અને પછાત વર્ગની સોસાયટીઓ દ્વારા જમા કરાવવાની થતી ૧૦ ટકા લોકફાળાની રકમ સોસાયટી વતી માન.ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી લોકફાળા પેટે ફાળવી શકાશે તેવી જોગવાઈ નિયત કરવામાં આવેલ હતી, અને ઉકત વંચાણે લીધેલ ક્રમાંકઃ-(૩)ના શેરા પત્રથી આ જોગવાઇઓને આ વિભાગ દ્વારા અનુમોદન આપી, સંબંધિત સર્વેને પરિપત્રિત કરવામાં આવી હતી.વધુમાં વંચાણે લીધેલ ક્રમ-૪ ના ઠરાવથી માન. ધારાસભ્યશ્રીઓ દ્વારા ૧૦ ટકા લોકફાળાની રકમ શહેરી વિસ્તારની ગરીબ અને પછાત વર્ગની સોસાયટીઓ ઉપરાંત અન્ય સોસાયટીઓ માટે પણ તેમના ફંડમાંથી સૂચવી શકે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે.

૨. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંકઃ-પના ઠરાવથી ઉપરોકત યોજનામાં ગટર લાઇનના નવા કામનો ઉમેરો નીચે મુજબની વિગતે કરવામાં આવેલ છે.

(૧) મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાંની જૂની સોસાયટીઓની ગટર લાઇન બદલવાનું કામ.

(૨) સોસાયટી બહારની જાહેર રસ્તાઓ પરની ગટર લાઇન કે જાહેર ગટર લાઇનો સિવાયની સોસાયટીની આંતરિક ગટર લાઇનનું કામ.

૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઉપરોકત પારા-૩ ની ગટર લાઇનના કામ અંગેની યોજના માટે સોસાયટી વતી માન.ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી ભરવાના થતા ૧૦% લોકફાળાની રકમ માટે ઉપર્યુકત વિગતે પણ ગ્રાન્ટ ફાળવવા આથી મંજુરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એસ. ત્રિવેદી)
સેકશન અધિકારી,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
- માનનીય રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન, ગાંધીનગર
- માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી,
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
- સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
- માન.મંત્રીશ્રી(આયોજન)ના અંગત સચિવશ્રી,.

ગુજરાત મ્યુનિ. ફાયનાન્સ બોર્ડ
ગાંધીનગર.
15 SEP 2015
ફાઈલ નંબર :.....

૨...

- સર્વે માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
- સર્વે માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,
- મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી,
- અગ્ર સચિવશ્રી(આયોજન), સામાન્ય વહીવટ વિભાગ,
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
- સર્વે વિભાગના અ.મુ.સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રીઓ,
- ૪૯ વિકાસશીલ તાલુકાઓના સર્વે ઈન્ચાર્જ સચિવશ્રીઓ,
- સર્વે જિલ્લાના પ્રભારી સચિવશ્રીઓ,
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ,
- નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- સર્વે માન. સંસદસભ્યશ્રીઓ/સર્વે માન. ધારાસભ્યશ્રીઓ/સર્વે માન. જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ
- માહિતી કમિશ્નરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, આ બાબતે બહોળી પ્રસિધ્ધિ આપવાની વિનંતી સહ.
- વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર,
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ/સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/સર્વે જિલ્લા આયોજન અધિકારીશ્રીઓ,
- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ/નિયામકશ્રી, નગરપાલિકાઓ,
- સર્વે નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રીઓ
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર,
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
- સામાન્ય વહીવટ વિભાગ(આયોજન પ્રભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ),
- સામાન્ય વહીવટ વિભાગ-બજેટ(લ)શાખા,
- આયોજન પ્રભાગ હેઠળના સર્વે ખાતાના વડાશ્રીઓ,
- ઉચ્ચસચિવશ્રી, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, આ ઠરાવ GSWAN ઉપર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ/શાખા ફાઈલ.